# Bi 121-OLD TESTAMENT

## પાઠ : ૨૫  સોનાનું વાછરડુ (નિર્ગમન અધ્યાય ૩૨)

શું તમે જે કોઈને પ્રેમ કરો છો તેઓ પાસે જુઠુ બોલો છો ? કેમકે, તમે તેઓથી ડરો છો ? અથવા શું તમે ચોકકસ સત્યને છુપાવતા જે તે પરિસ્થિતિ સારી લાગે તેવી વાર્તા ઘડી કાઢો છો. જે તમારા માટે મોં ઢાંકવાની બાબત અને બીજાઓ પાસે શરમજનક પરિસ્થિતિ ન ઉદ્દભવે તેવું વર્તન તમે દાખવો છો ? જો તેમ છે તો આજનાં પાઠ દ્વારા તમે સમજી શકશો કે શું પરિણામ આવી શકે.

જયારે મુસા ઈશ્વર સાથે વાત કરવા પહાડ પર હતો ત્યારે હારૂનને તળેટીમાં રહેલી ઈસ્રાએલ પ્રજાનો અધિકાર આપવામાં આવ્યો. મુસાને ઘણી વાર થવાથી ઈસ્રાએલીઓએ હારૂનને પરેશાન કરવાનું શરૂ કર્યુ. જેમ તેઓ મિસરમાં દેખાઈ શકે તેવા દેવને ભજતા હતા તેવું જ તેઓ હારૂન પાસે ચાહતા હતા. કદાચ ડરનાં કારણે હારૂને તેમની ઈચ્છાને સ્વીકારી. પણ મુસાની સમક્ષ આવતા તેણે ખોટી વાર્તા ઘડી કાઢી.

મુસા ૪૦ દિવસ સુધી પર્વત પર દેવ સાથે રહયો. લોકો થાકી ગયા અને વિદ્રોહી બન્યા અને જે દેવે તેઓને છોડાવ્યા હતા અને જેમણે તેમની સાથે કરાર સ્થાપ્યો હતો તેને તેઓ ભુલી ગયા. તેમણે હારૂનને કહયું, "મુસા, કે જે અમને મિસરથી કાઢી લાવ્યો તેનું શું થયુ તે અમે જાણતા નથી. અમારે સારુ એક દેવ બનાવ, કે જે અમારી આગળ ચાલે. આવુ કહેતા દેવે તેઓને માટે જે કર્યુ તેનો શ્રેય મુસાને આપ્યો નહિ પરંતુ ખુલ્લેઆમ દેવ તરફથી મળેલી બીજી આજ્ઞા તેઓએ તોડી કે જે આજ્ઞા તેઓને મૂર્તિ કે પ્રતિમા બનાવવાની મનાઈ ફરમાવે છે.

આથી લોકોએ હારૂનને તેમના કાનનાં કુંડળ તથા અન્ય સોનાની વસ્તુઓ આપી કે જેથી તેને ગાળવામાં આવે. ત્યારે તેણે સોનુ લઈને તેનું વાછરડુ બનાવ્યું. લોકો ખુશ થયા અને કહયું, "આ તો મિસરમાંથી કાઢી લાવનાર અમારો દેવ છે." ત્યારે હારૂને વાછરડાની મૂર્તિ સમક્ષ વેદી બાંધી અને જાહેર કર્યુ કે, "આ તો દેવ પ્રત્યેનો ઉત્સવ છે." તેઓ કેમ કરીને એવું વિચારી શક કે, જીવતા દેવને બદલે એક મૂર્તિ સમક્ષ તેઓ બલિદાન આપે ? તેઓએ તે પ્રતિમા સમક્ષ દહન્યાર્પણ કર્યા અને તેની સાથે સંગતી દર્શાવતુ બલિદાન આપ્યું ત્યારબાદ તેઓ તેની સમક્ષ ખાતા અને પીતા બેસી ગયા. પ્રેરિત પાઉલ આ ઘટનાને દર્શાવતા લખે છે કે, "તેઓમાંનાં કેટલાક મૂર્તિપુજક થયા તેમ તમે ના થાઓ. લખેલુ છે કે, લોક ખાવા પીવા બેઠા અને ઉઠીને નાચવા લાગ્યા." (કરિંથીઓને પહેલો પત્ર ૧૦:૭).

પહાડ પર દેવ જાણતા હતા કે તળેટીમાં શું થઈ રહયુ છે. આથી તેમણે મુસાને કહયું કે, જા નીચે ઉતર, કેમ કે તારા જે લોકોને તું મિસર દેશમાંથી કાઢી લાવ્યો છે તેઓ ભ્રષ્ટ થઈ ગયા છે, જે માર્ગ મેં તેઓને ફરમાવ્યો હતો તેમાંથી તેઓ વહેલા ભટકી ગયા છે. તેઓએ પોતાને

સારુ ઢાળેલું વાછરડું બનાવ્યું છે ને તેની પૂજા કરી છે. મેં આ લોકોને જોયા છે. મારો કોપ તેઓ પર તપી ઉઠે ને હું તેઓનો સંહાર કરું માટે મને અટકાવીશ મા અને હું તારાથી એક માટી દેશજાતિ ઉત્પન્ન કરીશ. ત્યારે મુસાએ પોતાનાં દેવ યહોવાને વિનંતી કરી કહયું, "હે દેવ, તારા જે લોકોને તું મોટા પરાક્રમ વડે તથા બળવાન હાથે મિસર દેશમાંથી કાઢી લાવ્યો છે તેઓની વિરુધ્ધ તું કેમ કોપાયમાન થયો છે ? જો તું તેઓનો નાશ કરે તો મિસરીઓ હસીને એમ નહિ કહે કે તેઓન મારી નાખવા સારુ તું આ જગ્યાએ લાવ્યો છે ? ઈબ્રાહિમ, ઈસહાક તથા યાકુબ સાથેનો તારો કરાર સંભાર. તેં કહયું કે, "તેઓનાં વંશજો આકાશનાં તારા જેટલા અસંખ્ય થશે અને તેનાં વંશજો આ જગ્યાનો કબ્જો લેશે." આથી દેવે મુસાનું સાંભળ્યુ અને તે લોકો પરની પોતાની આફત ટાળી દીધી.

મુસા પોતાનાં હાથમાં દેવ તરફથી લખેલી બે શીલાપાટી લઈને તળેટીમાં ઉતર્યો. જયાર તેણે લોકોને વાછરડાનો પૂજા કરતા જોયાં ત્યારે તે ખુબ ગુસ્સે થયો. જે પ્રમાણે ઈસ્રાએલીઓએ દેવ સાથેનાં કરારને તોડયો તે જ પ્રમાણે બંને શીલા પાટીઓ મુસાએ ભુમિ ઉપર નાંખી કે જે કટકે કટકા થઈ ગઈ. તેણે સોનાનાં વાછરડાને અગ્નિમાં બાળી નાખ્યું અને તેનો ભુકકો રેતી પર નાંખ્યો. પછી તેણે તેનો ભુકકો લઈને પાણીમાં નાંખીને ઈસ્રાએલીઓને તે પીવા કહયું. મુસાએ હારૂનને કહયું, "આ લોકોએ શું કર્યુ છે કે તું તેઓને આ મોટા પાપમાં લઈ આવ્યો ?" હારૂને કહયું, "મહેરબાની કરી મારી પર તું કોપાયમાન ન થા. તું પહેલેથી જાણે છે કે, લોકોનું હૃદય તો દુષ્ટ જ છે. તેમણે મને જણાવ્યુ કે અમારે સારુ તું દેવ બનાવ. તેથી મેં તમને તેઓનેં સોનુ મને આપવા કહયું. મેં તેને અગ્નિમાં નાંખ્યું કે જેમાંથી આ વાછરડુ ઉપસી આવ્યુ." પોતાનાં પાપને કબુલ કરવાને બદલે હારૂને શરમથી બચવા અને પોતાન મોં ઢાંકવા તેમ કર્યુ. અને લોકો ઉપર આક્ષેપ નાખ્યો. ત્યારે મુસા છાવણીનાં દરવાજે ઉભો રહયો. તેણે જોયું કે લોકો કહયામાં નથી અને અહિ તહિ ફરી રહયા છે. ત્યારે તેણે પોકાર્યુ, "જે લોકો દેવનાં પક્ષનાં છે તેઓ અહિ નીકળી આવો અને મારી સાથે રહો." ત્યારે લેવીપુત્રો પોતાની જાતને અલગ કરીને મુસાની સાથે ઉભા રહયા. દેવે તેમને આજ્ઞા આપી કે, તેઓ પોતાની કમરે તલવાર બાંધે અને જેઓ મુસાની સાથે ઉભા ન રહે તેને તેઓ મારી નાંખે. તે દિવસે ત્રણ હજાર માણસો મરાયા. લેવીઓ દેવ પ્રત્યેની આધિનતાને કારણે આશીર્વાદીત થયા અને તેમને દેવનાં મંદિરનાં યાજકો તરીકે પસંદ કરવામાં આવ્યા.

બીજે દિવસે મુસાએ લોકોને કહયુ કે, "તમે મહા મોટુ પાપ કર્યુ છે. હું ઉપર જઈને દેવને વિનંતી કરું છુ, કદાચ તે મારી મધ્યસ્થી સાંભળે અને તમારા પાપનું પાયશ્ચિત થાય." આમ કહીને તેઓને છોડીને તે પહાડ પર ગયો. દેવને વિનંતી કરતા તેણે કહયં, કે, "આ લોકોએ ખુબ મોટુ પાપ કર્યુ છે. તેઓએ પોતાને સારુ સોનાનો દેવ બનાવ્યો છે. તો પણ મહેરબાની કરીને તેઓનાં પાપને તું માફ કર. પણ જો તું તેમ ન કરે તો મારું નામ પણ તારા જીવનનાં

પુસ્તકમાંથી કાઢી નાંખ." ત્યારે દેવે પ્રત્યુત્તર આપ્યો કે, "જેણે મારી વિરૂધ્ધ પાપ કય હશે તેનું નામ હું મારા પુસ્તકમાંથી ભુંસી નાંખીશ. હવે તું જા, જે જગ્યા વિશે મે તને કહયું છે ત્યાં આ લોકોને દોરી જા. મારો દુત તારી આગળ ચાલશે. પરંતુ જે દિવસે તેઓને શિક્ષા કરવાનો સમય હશે તે દિવસે તેઓનાં પાપને લીધે હું તેઓને શિક્ષા કરીશ." જે વાછરડુ હારૂને બનાવ્યુ હતુ તેને લીધે યહોવાએ તે લોકો પર આફત આણી.

દેવે મુસાની વિનંતીને ઠુકરાવી કેમકે જે વ્યકિત પાપ કરે છે તેને જ પોતાના પાપને માટે જવાબદાર ઠેરવવામાં આવે છે. (પુનર્નિયમ ૨૪:૧૬). મુસા કે જેને દેવે પોતાની તથા ઈસ્રાએલીઓની વચ્ચે મધ્યસ્થ બનાવ્યો હતો તેણે ઈસ્રાએલી લોકોને દેવનાં કોપને કારણે તથા નાશથી બચાવવા સારુ પોતાને પણ મારી નાખવાની રજુઆત કરી. મુસાનું આ કાર્ય એ પ્રભુ ઈસુનાં કે જે મધ્યસ્થ છે જેમણે વધસ્થંભ પર દરેક મનુષ્યજાતને માટે પોતાનો પ્રાણ આપ્યો તેની પૂર્વછાયારૂપ હતું.

આ વાતમાંની મહત્વતા એ દર્શાવે છે કે, ઈશ્વર પોતાનાં લોકો પાસે પવિત્રતા ચાહે છે. જો કે તેઓ પાછા ફરીને પાપમાં પડે તો પણ તે તેમને પ્રેમ કરે છે અને બચાવવા ચાહે છે. અહિ એક સચ્ચાઈ તરી આવે છે કે, દેવ પાપીઓને ચાહે છે પરંતુ તેઓથી વારંવાર થનારા પાપને તેઓ ધિક્કારે છે.

આ પાઠનું પુનરાવર્તન કરતા નીચેનાં પ્રશ્નોનાં જવાબ આપો.

પ્ર.૧ શા માટે દેવે મુસાને પર્વત પરથી તળેટીમાં જવા કહયું ?

(જ) ( ૫ સેકંડ થોભો) જો તમારો ઉત્તર છે કે,- "દેવે કહયું કે, ઈસ્રાએલીઓએ પોતાની જાતને ભ્રષ્ટ કરી છે અને જે કરવાનું મેં તેઓને જણાવ્યું હતુ તેમ ન કરતા તેઓ પાછા ફર્યા છે. "- તો તમે સાચા છો.

પ્ર.૨ કયુ મોટુ પાપ ઈસ્રાએલી લોકોએ કર્યુ હતુ ?

(જ) ( ૫ સેકંડ થોભો) જો તમારો ઉત્તર છે કે,- "તેઓએ વાછરડાની મૂર્તિ બનાવી તેની સમક્ષ નમ્યા અને બલિદાન આપ્યું" - તો તમે સાચા છો.

પ્ર.૩ જયારે મુસાએ લોકોને દેવને અનુસરવાનું કહયું ત્યારે લેવીઓએ શું કર્યુ ?

(જ) ( ૫ સેકંડ થોભો) જો તમારો ઉત્તર છે કે,- "તેઓએ પોતાની જાતને બીજા ઈસ્રાએલીઓથી અલગ કરી અને મુસાની સાથે ઉભા રહયા"- તો તમે સાચા છો.

પ્ર.૪ દેવનાં કોપને ઠંડો પાડવા સારુ મુસાએ પોતાને માટે શું કરવા વિશે કહયું ?

(જ) ( ૫ સેકંડ થોભો) જો તમારો ઉત્તર છે કે,- "તેણે કહયું કે, મારુ નામ તારા પુસ્તકમાંથી ભુંસી નાંખ"- તો તમે સાચા છો.

જે મિત્રએ આ વાત જાણી નથી તેઓને તમે સંભળાવો અને પછી પ્રશ્ન પુછો કે, હારૂને જે વાછરડાની મૂર્તિ લોકોને સારુ બનાવી તે વિશે મુસા સામે કેમ જુઠુ બોલ્યો ? "વિશ્વાસીઓનાં

જીવનોમાં આવી વર્તણુક માટે કયો સ્ત્રોત જવાબદાર હોય છે ?" સાથે મળીને શકય જવાબોને વિચારો. જેમકે, શત્રુઓથી આપવામાં આવતું પરીક્ષણ, ડર, આત્મરક્ષા, આત્મીકતાનો અભાવ, પોતાની વર્તણુકને છુપાવવી ..... વગેરે. જયારે વિશ્વાસીઓને આવા પ્રકારનાં દબાણમાંથી પસાર થવુ પડે તો ત્યારે તેમણે શું કરવુ જોઈએ ? ગીત શાસ્ત્રનો લખનાર લખે છે કે, "દેવ મારો આશ્રય તથા મારુ સામર્થ્ય છે અને સંકટને સમયે તે હાજરાહજુર મદદગાર છે. (ગીતશાસ્ત્ર ૪૬:૧). તે પ્રમાણે આપણે ગમે તેવી પરિસ્થિતિમાં દેવની મદદ માંગવી જોઈએ.

આ અભ્યાસને તમે ત્રણ વખત સાંભળો તે તમારૂ ગૃહકાર્ય છે. તમારા મનથી દરેક પ્રસંગો વિચારો ત્યાર બાદ જે તમને યાદ રહયુ તે તમારા શબ્દોમાં વર્ણવો. આ ઘટનાઓ અને બનાવોને સાચી રીતે બીજાને કહી શકો ત્યાં સુધી બરાબર સાંભળો. લગભગ ૪૫ મિનિટ સુધી આ સાંભળવાનું રાખો. તમે કોઈક વ્યકિતને આ બાબત કહી શકવા માટે બીજા વ્યકિતની તમને જરૂરત પડશે. પુનરાવર્તનનાં પ્રશ્નો તમારા મિત્રોને પુછવાનું અને આ સાંભળ્યા પછી તેમના જવાબો આપો. આ ઘટના તમારા મિત્ર સાથે વર્ણવી તેમનાં ઈશ્વર સાથેનાં સંબંધ વિશે પુછો. તેમને પ્રાર્થના કરવા આમંત્રણ આપો.